# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, ભાવનગર

ધોરણ : ૬
તારીખ : ૦૮/૦૪/૨૦૧૯

**ગણિત**
**(દ્વિતીય સત્ર)**

કુલ ગુણ : ૮૦
સમય : ૯-૩૦ થી ૧૨-૩૦

---

**પ્રશ્ન. ૧(અ)** નીચેના પ્રશ્ન વાંચી આપેલા ચાર વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો **(05 ગુણ)**

(1) 75 પૈસા = .................................રૂપિયા

(A) 75 (B) 0.75 (C) 7.5 (D) 0.075

(2) લંબચોરસની પરિમિતિ =

(A) લંબાઈ × પહોળાઈ (B) 4 × બાજુની લંબાઈ

(C) 2 × બાજુની લંબાઈ (D) 2(લંબાઈ + પહોળાઈ)

(3) n ને -7 માંથી બાદ કરતાં ગાણિતિક રીતે...................... લખાય.

(A) n–7 (B) -n–7 (C) −7 − n (D) -7n

(4) લંબચોરસમાં સંમિતિની.................................. રેખા મળે.

(A) એક પણ નહિ (B) એક જ (C) બે (D) ત્રણ

(5) 2 : 3 નો ગુણોત્તર થતો હોય તેવું ઉદાહરણ નીચેનામાંથી................ નથી.

(A) $\frac{20}{30}$ (B) $\frac{16}{24}$ (C) $\frac{12}{18}$ (D) $\frac{30}{20}$

**1 (બ) નીચે આપેલા સાચા વિકલ્પોની સામે જોડો.** **(05 ગુણ)**

(1) a × (b+c) (A) ક્ષેત્રફળ

(2) 1.2 (B) (a × b)+ (a × c)

(3) બંધ આકૃતિ વડે ઘેરાયેલા ભાગનું માપ (C) $\frac{5}{6}$

(4) $\frac{15}{18}$ નો ગુણોત્તર (D) બે

(5) રેખાખંડના અંત્યબિંદુ (E) $\frac{12}{10}$

**પ્રશ્ન. 1 (ક) યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો** **(08 ગુણ)**

(1) 0.099 ........................ 0.19 (<, =, > )

(2) ત્રણ દશાંશ + ત્રણ શતાંશ = ........................................ (0.3, 0.33, 3.3)

(3) 1 ચોરસ મીટર = 100 સેમી × ............................. સેમી (1, 10,100)

(4)




આકૃતિની પરિમિતિ ................................. સેમી (3, 4, 10)

(5) બે અંકોની સંખ્યામાં દશકનો અંક t અને એકમનો અંક m છે તો તે સંખ્યા .................... છે. (mt, tm, $\frac{t}{m}$)

(6) ચિત્રઆલેખમાં બાસ્કેટમાં ⊕ = 20 ફૂલ દર્શાવે છે ⊕⊕⊕ ચિત્ર દોરેલ હોય તો તેમાં ....................... ફૂલ હોય. (60, 40, 20)

(7) ............................ અંકને એક જ સંમિત રેખા હોય છે. (4, 5, 3 )

Scanned by CamScanner

(8) $\frac{\quad}{27} = \frac{2}{9}$ (6, 7, 9)

**પ્રશ્ન. ૨(અ) નીચેના વિધાનો વાંચી સાચા વિધાનની સામે √ અને ખોટા વિધાનની સામે × ની નિશાની કરો.** **(06 ગુણ)**

(1) 13.370 = 13.37 [ ]

(2) એક દિવાલને રંગવા માટે તેની પરિમિતિ શોધવી પડે. [ ]

(3) a =3 માટે 3a + 4=13 [ ]

(4) L અક્ષરનું પ્રતિબિંબ અરીસા સામે મેળવતાં તે L મળે. [ ]

(5) 20 ગ્રામ : 100 ગ્રામ = 5 મીટર : 300 સેમી. [ ]

(6) માત્ર બે કાટખૂણિયાંની મદદથી 15° નો ખૂણો દોરી શકાય છે [ ]

**પ્રશ્ન. 2 (બ) માગ્યા મુજબ જવાબ લખો** **(08- ગુણ)**

(1) નીચે આપેલા આકારો સંમિત છે કે નહિ તે લખો

(A)



(B)



(2) મેહમુદની ત્રણ વર્ષ પહેલાંની ઉંમર P વર્ષ હતી, તો હાલની ઉંમર કેટલી થશે? હાલની ઉંમરથી 5 વર્ષ પછી મેહમુદની ઉંમર કેટલી થશે?

(3) દશાંશ સ્વરૂપમાં લખો

(a) $\frac{3}{5}$ (b) $\frac{11}{1000}$

(4) એક શાળામાં ધોરણ 1 થી 5 માં અભ્યાસ કરતાં બાળકોની સંખ્યા નીચે મુજબ છે તે પરથી નીચેના પ્રશ્નોના જવાબ લખો.

ધોરણ-1 – 30 બાળકો
ધોરણ- 2 – 25 બાળકો
ધોરણ- 3 - 40 બાળકો
ધોરણ-4 – 45 બાળકો
ધોરણ-5 – 35 બાળકો

(1) કયા ધોરણમાં સૌથી વધુ બાળકો છે?

(2) ધોરણ-1 કરતાં ધોરણ-5 માં કેટલાં બાળકો વધુ છે?

**પ્રશ્ન. 2 (ક) નીચેના દાખલા ગણો.** **(08- ગુણ)**

(1) માપપટ્ટી અને ડેટાકેબલનો ઉપયોગ કરી 5.7 સેમીનો રેખાખંડ દોરો

(2) એક લંબચોરસની લંબાઈ તેની પહોળાઈના પાંચ ગણાકરતાં 5 ઓછી છે જો પહોળાઈ b સેમી હોય તો લંબાઈ શોધો

(3) રમાનું વજન 12 કિગ્રા અને એની મોટી બહેનનું વજન 36 કિગ્રા છે, તેવી જ રીતે સંજયનું વજન 18 કિગ્રા અને એના ભાઈનું વજન 54 કિગ્રા છે, તો આ બંને ગુણોત્તર પ્રમાણમાં છે?

(4) પાયલ પાસે 200 રૂપિયા હતા તેમાંથી તેણે 125.70 રૂપિયાની ખરીદી કરી તો દુકાનદારે તેને કેટલા રૂપિયા પાછા આપ્યા હશે?

Scanned by CamScanner

પ્રશ્ન. 3 (અ) નીચેના દાખલા ગણો. (08- ગુણ)

(1)




ઉપર દર્શાવેલ આકૃતિની પરિમિતિ શોધો.

(2) ભરત અને રાજેશ વચ્ચે 50 રૂપિયાને 3:2 ના ગુણોત્તરમાં વહેંચો.

(3) નીચેના દરેક આકાર માટે સંમિતિની રેખાઓની સંખ્યા લખો.

(A) 

(B) 

(4) રાજુને પેન્ટ સીવડાવવા માટે 1.2 મીટર અને શર્ટ સીવડાવવા માટે 2.25 મીટર કાપડ જોઈએ, તો રાજુને કુલ કેટલું કાપડ ખરીદવું પડશે?

પ્રશ્ન. 3 (બ) નીચેના આપેલા દાખલા ગણો. (દરેકનાં 4 ગુણ) (ત્રણમાંથી બે) (08- ગુણ)

(1) અરબાઝે વાર્ષિક કસોટીમાં મેળવેલ ગુણ લંબાલેખમાં દર્શાવેલા છે. આલેખનું અવલોકન કરી નીચેના પ્રશ્નોના જવાબ આપો.




(a) 60 ગુણ કયા વિષયમાં મેળવ્યા છે?

(b) કયા કયા વિષયમાં સરખા ગુણ મેળવ્યા છે?

(c) અંગ્રેજી વિષયમાં કેટલા ગુણ મેળવ્યા છે?

(d) ગણિત વિષય કરતાં વિજ્ઞાન વિષયમાં કેટલા ગુણ વધુ મેળવ્યા છે?

Scanned by CamScanner

(૨) પ્રિયાંશી એક ચોરસ બાગની ફરતે દોડે છે જેની એક બાજુનું માપ 75 મીટર છે. કિંજલ એક લંબચોરસ બાગની ફરતે દોડે છે, જેની લંબાઈ 60 મીટર અને પહોળાઈ 45 મીટર છે. કોણ ઓછું અંતર દોડે છે ?

(3) એક વર્ષમાં સીમા રૂ 1,50,000 કમાય છે અને તેમાંથી રૂ. 50,000 બચત કરે છે, તો નીચેનો ગુણોત્તર શોધો

(a) સીમા કમાય છે તે રકમ અને તે બચત કરે છે, તે રકમનો ગુણોત્તર

(b) તેણે બચાવેલ રકમ અને તેણે ખર્ચ કરેલ રકમનો ગુણોત્તર

**પ્રશ્ન-3 (ક) નીચે આપેલ દાખલા ગણો** **(બેમાંથી એક)** **(04- ગુણ)**

(1) એક બસ V કિલોમીટર/કલાકની ઝડપે દાહોદથી અમદાવાદ જઇ રહી છે. બસે 5 કલાક ચાલ્યા બાદ અમદાવાદ 20 કિમી દૂર છે.તો દાહોદથી અમદાવાદ વચ્ચે કેટલું અંતર હશે? V નો ઉપયોગ કરીને દર્શાવો.

(2) (a) કેટલીક નારંગીઓ મોટી પેટીમાંથી નાનીપેટીમાં બદલવામાં આવીજ્યારે મોટી પેટી ખાલી થઈ ત્યારે બે નાની પેટીઓ ભરાઈ અને 10 નારંગી બહાર રહી ગઈ. જો નાની પેટીમાંની નારંગી માટે x લેવામાં આવે તો મોટી પેટીમાં કેટલી કેટલી નારંગીઓ હશે?

(b) નીચેની આકૃતિ ત્રિકોણની મેચસ્ટિક પેટર્ન દર્શાવે છે. આ આકૃતિઓ માટે એવો સામાન્ય નિયમ તારવો કે જે ત્રિકોણની સંખ્યાના પદમાં જરૂરી દીવાસળીની સંખ્યા બતાવે.



(a) (b) (c) (d)

**પ્રશ્ન-4 નીચે આપેલા દાખલા ગણો** **(ત્રણમાંથી બે)** **(10- ગુણ)**

(1) રેખા l દોરો અને તેના પર બિંદુ x લો. x માંથી l ને લંબ રેખાખંડ $\overline{xy}$ દોરો. હવે $\overline{xy}$ ને y આગળ લંબરેખા રચો (માપપટ્ટી અને પરિકરનો ઉપયોગ કરો)

(2) ગણિતની એક કસોટીમાં 40 વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણ નીચે પ્રમાણે છે. આવૃત્તિચિહ્નનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણ **કોષ્ટક** ગોઠવો નીચેના પ્રશ્નોનો જવાબ આપો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 3 | 7 | 6 | 5 | 5 | 4 | 4 | 2 |
| 4 | 9 | 3 | 3 | 7 | 1 | 6 | 5 | 2 | 7 |
| 7 | 3 | 8 | 4 | 2 | 8 | 9 | 5 | 8 | 6 |
| 7 | 4 | 5 | 6 | 9 | 6 | 4 | 4 | 6 | 6 |

(1) કેટલા વિદ્યાર્થીઓએ 7 કે 7 થી વધુ ગુણ મેળવ્યા હશે?
(2) 4 થી ઓછા ગુણ કેટલા વિદ્યાર્થીઓએ મેળવ્યા હશે ?

(3) ' MATHEMATICS ' માં સમાવિષ્ટ મૂળાક્ષરો પૈકી કયા મૂળાક્ષરો સંમિત રેખા ધરાવતા નથી તે શોધો અને દરેક મૂળાક્ષરની સામે 'હા' કે 'ના' લખો.

**પ્રશ્ન-5 નીચે આપેલા દાખલા ગણો** **(ગમે તે બે)** **(10- ગુણ)**

(1) એક દુકાનદારે સળંગ છ દિવસ દરમ્યાન વેચેલ ગણિતના પુસ્તકોની માહિતી નીચે દર્શાવેલ છે. તેના આધારે ચિત્ર આલેખ તૈયાર કરો. (☐ = 10 ચોપડીની સંખ્યા લેવી)

| દિવસ | રવિવાર | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર |
|---|---|---|---|---|---|---|
| વેચેલ પુસ્તકની સંખ્યા | 65 | 40 | 30 | 50 | 25 | 70 |

(2) માનસીની ઉંમર x વર્ષ આપેલ છે. અનુમાન કરો કે ( x – 2 ) શું દર્શાવે છે?
1. ( x + 4 ) અને (3x + 7 ) શું દર્શાવશે તે લખો
2. ( 4x + 5 ) અને (2x + 3 ) શું દર્શાવે છે તે લખો

(3) 70°ના માપનો ખૂણો દોરો માત્ર સીધી પટ્ટી અને પરિકરનો ઉપયોગ કરીને તેની નકલ કરો.

Scanned by CamScanner